# પ્રશ્નબેંક

# વિષય – ગુજરાતી

## પ્રથમ સત્ર

## પ્રકરણ : 1 થી 4

વર્ષ : 2025-26

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

ધોરણ : 6

# અધ્યયન નિષ્પત્તિ યાદી (પ્રકરણ 1 અને 2)

| **Sr. No** | **LO No.** | **LO** વિધાન |
|---|---|---|
| **1** | G6.3 | વાંચન અર્થગ્રહણ |
| **2** | G6.3.4 | સામગ્રીનું વિશ્લેષણ કરે છે. |
| **3** | G6.3.2 | વિગતો વચ્ચેનો સંબંધ સમજે છે. |
| **4** | G6.6. | શબ્દભંડોળ |
| **5** | G6.3.7 | સામગ્રી વિષયક આગાહી કરે અને સર્જનાત્મક ચિંતન કરે છે. |
| **6** | G6.5.6 | વ્યક્તિવાચક, સમૂહવાચક, જાતિવાચક, દ્રવ્યવાચક અને ભાવવાચક નામ ઓળખાવે અને માગ્યા પ્રમાણે ઉપયોગ કરે છે. |

CG 1 વર્ણન, વિશ્લેષણ અને પ્રતિસાદ જેવા ભાષા કૌશલ્યનો ઉપયોગ કરીને અસરકારક પ્રત્યાયન માટેની ક્ષમતા વિકસાવે છે.
LO G6.3 - વાચન અર્થગ્રહણ

## હેતુલક્ષી પ્રશ્નો

આપેલ ફકરો વાંચી તેના આધારે જોડકાં જોડો. (પાંચ ગુણ)

બિરસાજીએ કહ્યું, "જેને તમે જંગલ કહો છો તેને અમે વનદેવી માનીએ છીએ. જુઓ, ધ્યાનથી જુઓ, આ બધાં ઘટાટોપ વૃક્ષો વનદેવીના **ફેલાયેલા હાથ** છે જે ધરતીને આલિંગન આપે છે. નદીઓ અને ઝરણાં તેમના શરીરમાં વહેતી **રુધિરવાહિનીઓ** છે, ખડકો અને પહાડો તેમનું **હાડપિંજર** છે, પક્ષીઓનો કલરવ તેમનું ગાન છે, વન્યજીવો તેમનું હૃદય છે."

| વિભાગ A | વિભાગ B | વિભાગ C |
|---|---|---|
| ૧. ખડકો અને પહાડો | અ. રુધિરવાહિનીઓ | (i) શરીરમાં જીવંતતાનું વહન કરે છે. |
| ૨. વન્યજીવો | બ. ફેલાયેલા હાથ | (ii) તે મિત્રની જેમ પૃથ્વીને ભેટે છે. |
| ૩. ઘટાદાર વૃક્ષો | ક. ગાન | (iii) પક્ષીઓનો અવાજ ગીત જેવો લાગે છે. |
| ૪. પક્ષીઓનો કલરવ | ડ. વનદેવીનું હૃદય | (iv) ઘાટ અને આકાર આપે છે. |
| ૫. નદીઓ અને ઝરણાં | ઇ. હાડપિંજર | (v) તેમનાં સંતાન છે. |

## ટૂંકજવાબી પ્રશ્નો

પ્રશ્ન : આપેલી પંક્તિઓના આધારે પ્રશ્નોના જવાબ લખો.

**ખારા જળનો દરિયો ભરિયો, મીઠા જળનો લોટો,**
**તરસ્યાને તો દરિયાથી ય લોટો લાગે મોટો.**

1. આ પંક્તિઓમાં કયા કયા પ્રકારના પાણીનો ઉલ્લેખ થયેલો છે. (1)
2. તરસ્યા માણસ માટે શું મહત્વનું હોય છે? શા માટે ? (2)
3. નીચે આપેલા વાક્યોમાંથી તરસ્યાને તો દરિયાથી ય લોટો લાગે મોટો. જેવો અર્થ ધરાવતું વાક્ય શોધો. (1)

અ. દરિયા કરતાં લોટાનું કદ મોટું હોય છે.

બ. રાતના અંધારામાં એક નાની મીણબત્તી પણ સૂર્ય કરતાં વિશેષ લાગે છે.

4. આ પંક્તિઓમાં વપરાયેલા પ્રાસવાળા શબ્દોનો ઉપયોગ કરીને અન્ય કાવ્યપંક્તિ રચો. (4)

પ્રશ્ન : ફકરા પરથી પ્રશ્નોના જવાબ લખો.

નદીને એક કાંઠે બાવળ છે. તેનો છાંયો નદીના પાણીમાં પડે છે. આખો દિવસ ઝાડ હલતું જ લાગે છે. નદીનાં પાણી સાથે તે રમતું હોય એવું દેખાય છે. બાવળે પીળાં ફૂલો આવેલાં છે. ઝીણાં પીળાં ફૂલો નદીના પાણીમાં પડી પડીને નદીના પાણી ઉપર તણાયે જાય છે. નદીનાં પાણી પીળાં ફૂલોને નચાવતાં નચાવતાં ક્યાંયનાં ક્યાંય દૂર લઈ જાય છે.

**પ્રશ્નો :**

1. બાવળના ફૂલની શું વિશેષતા છે ? (1)
2. લેખકને બાવળ નદીના પાણી સાથે રમે છે તેમ કેમ લાગે છે ? (2)
3. નદી બાવળના ફૂલ નચાવે છે તેમ લેખક કેમ કહે છે ? (2)
4. "મે-જૂનમાં બાવળે શિંગો આવે છે. જે ચપટી, લાંબી અને સફેદ-ભૂખરા રંગની હોય છે." આ માહિતી ઉપરનો ફકરો લખનાર લેખક કઈ રીતે લખે ? લખો. જરૂર પડ્યે 4-5 વાક્યો પણ લખી શકાય. (4) **(HOTS)**

પ્રશ્ન : ફકરા પરથીપ્રશ્નોના જવાબ લખો. (પ્રશ્નદીઠ બે ગુણ)

વરસાદ પડે ત્યારે જાતજાતની ભૌગોલિક રચનાઓ આપણા આંગણા કે ફળિયામાં રચાઈ જાય છે. નદી કે ઝરણાના નાનું સ્વરૂપથી માંડીને સામુદ્રધુની સુધી. આપણે ઢીંગલી જેવડા હોઈએ તો ધાબેથી પડતું પાણી આપણને મોટા મસ ધોધ જેવું લાગે કે નહીં? આપણે જેને ખાબોચિયાં કહીએ તેવાં ઢીંગલિયાં તળાવ તો ઠેકઠેકાણે હોય. ક્યાંક વળી ચારેય બાજુ પાણી હોય અને વચ્ચેના જમીનના ટુકડા પર ઘાસની ચાદર પથરાઈ હોય. લીલીયો બેટ જાણે. આવાં ઢીંગલિયાં દ્વિપકલ્પ પણ રચાય – જે ભૂભાગનો જરાક જેટલો છેડો જમીનના ભાગ સાથે જોડાયેલો હોય અને બાકીના ભાગ ફરતે પાણી.

પ્રશ્નો :

1. વરસાદ પડે ત્યારે રચાતી જુદી જુદી ભૌગોલિક રચનાઓના નામ લખો.
2. ‘બેટ’ એટલે શું ? અહીં લેખક બેટને ‘લીલીયો’ કેમ કહે છે ?
3. ‘ઢીંગલિયાં તળાવ’ એટલે શું ? લેખક તેમને ‘ઢીંગલિયાં તળાવ’ કેમ કહે છે ?
4. ભૂગોળને લગતી બાબતોને ‘ભૌગોલિક’ કહેવાય તો ગણિતને લગતી વાતોને શું કહેવાય ?
5. દ્વિપકલ્પ એટલે ? વ્યાખ્યા લખો.

પ્રશ્ન : ફકરા પરથી પ્રશ્નોના જવાબ લખો.

કુદરતમાં લીલો રંગ અસ્થિર છે. લીલા રંગના ભરોસો ન રખાય. આજે છે ને કાલે નથી. વનસ્પતિમાં પણ આપણે નથી જોતાં કે તડકાને લીધે જ લીલો રંગ ખીલે છે અને એ તડકો જ રંગને ચૂસી જાય છે. લીલો રંગ એટલે ઘડીકની લહેર. વાદળી રંગ એથી સાવ ઊલટા — આકાશ જેવા સ્થિર. લાલ રંગ હસમુખા અને ઠાવકા છતાં ખાનદાન હોય છે.

પ્રશ્નો :

1. લેખક લીલા રંગનો વિશ્વાસ રાખવાની કેમ ના પાડે છે ? (2)
2. ‘લીલો રંગ તડકાને લીધે જ ખીલે છે.’ તે વાત ક્યાં વૈજ્ઞાનિક તથ્ય સાથે જોડાયેલી છે ? (2)
3. લાલરંગનો સ્વભાવ લેખકને કેવો લાગે છે ? (1)
4. આ લેખકને સફેદ રંગ કેવો લાગતો હશે ? (2) **(HOTS)**
5. તમારી સ્કુલ બેગ આખેઆખી પીળા રંગની છે. તે રંગ વિશે ત્રણ વાક્ય લખો. (3) **(HOTS)**

C G 1 વર્ણન, વિશ્લેષણ અને પ્રતિસાદ જેવા ભાષા કૌશલ્યનો ઉપયોગ કરીને અસરકારક પ્રત્યાયન માટેની ક્ષમતા વિકસાવે છે.

LO G6.3.4- સામગ્રીનું વિશ્લેષણ કરે છે.

પ્રશ્ન : બે ફકરા 'અ' અને 'બ'ના વાક્ય ભેગાં થઈ ગયાં છે. તેમને છૂટાં પાડો. (વાક્ય દીઠ 1 ગુણ)

સારસ છીછરા પાણીમાં જ ખોરાક શોધવું પસંદ કરે છે. બોલવું એ કાંઈ સહેલું કામ નથી. તે પાંદડાં, ઘાસ, બીજ અને નાનીનાની માછલીઓ આરોગે છે. આપણે બોલવું નક્કી કરીએ પછી આખુ ધડ કામે લાગી જાય. તેમના પગ, ડોક અને ચાંચ લાંબા હોય છે. માદા સારસ નર કરતાં કદમાં નાના હોય છે. છેક હોજરીના પડદાથી હવાનો ધક્કો શરૂ થાય. તેઓ એકબીજા સાથે વાત કરવા જુદા જુદા પ્રકારના અવાજ કાઢે છે. ફેફસાં, ગળાના સ્નાયુઓ અને મોં કામમાં લાગી જાય. દાંત, જીભ, તાળવું અને નાક હવાને ચોક્કસ રીતે બહાર કાઢે ત્યારે અવાજ બને. માદા સારસ એક વખતમાં બે ઈંડા મૂકે છે. ઈંડાની સંભાળ નર રાખે છે.

ફકરો- અ : સારસ છીછરા પાણીમાં જ ખોરાક શોધવું પસંદ કરે છે.

ફકરો- બ :

CG 1 વર્ણન, વિશ્લેષણ અને પ્રતિસાદ જેવા ભાષા કૌશલ્યનો ઉપયોગ કરીને અસરકારક પ્રત્યાયન માટેની ક્ષમતા વિકસાવે છે.

LO G6.3.2 - વિગતો વચ્ચેનાં સંબંધ સમજે.

પ્રશ્ન : ઘટનાક્રમ મુજબ વાક્યો ગોઠવો. (5)

1. લોકોને સલામત સ્થળોએ ખસેડવામાં આવ્યા.
2. નદીઓમાં પાણીનું સ્તર ઝડપથી વધવા લાગ્યું.
3. શહેરમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયું.
4. શહેરમાં સતત ભારે વરસાદ વરસ્યો.
5. પૂરનું પાણી ધીમે ધીમે ઓસરવા લાગ્યું.

પ્રશ્ન : લંબચોરસ આકૃતિનું ક્ષેત્રફળ શોધવાની પ્રક્રિયાને યોગ્ય ક્રમમાં ગોઠવો. (5)

1. લંબાઈ અને પહોળાઈના માપનો ગુણાકાર કરો.
2. આપેલા લંબચોરસની લંબાઈ અને પહોળાઈ શોધો.
3. ક્ષેત્રફળનો જવાબ ચોરસ એકમ (દા.ત., ચોરસ સેન્ટિમીટર) માં લખો.
4. લંબચોરસના ક્ષેત્રફળનું સૂત્ર (લંબાઈ x પહોળાઈ) યાદ કરો.
5. ગુણાકાર કરતા જે સંખ્યા મળે તે લંબચોરસનું ક્ષેત્રફળ છે

પ્રશ્ન : કાચબા અને સસલાની વાર્તાને યોગ્ય ક્રમમાં ગોઠવો. (5)

1. કાચબો દોડ સ્પર્ધા જીતી ગયો.
2. સસલો આરામ કરવા રોકાયો.
3. કાચબા અને સસલા વચ્ચે દોડમાં જીતવાની શરત લાગી.
4. સસલો કાચબાની આગળ નીકળી ગયો.
5. કાચબો ધીમે ધીમે ચાલતો હતો.

પ્રશ્ન : મુન્નીના મમ્મીની દિનચર્યા યોગ્ય ક્રમમાં ગોઠવો. (5)

1. કપડાં વાળવાં, વાસણ ગોઠવવા.
2. રસોઈ બનાવવી.
3. કપડાં ધોવાં.
4. બધાં સાથે જમવું.
5. વાસણ ધોવાં.

પ્રશ્ન : તમારી દિનચર્યા યોગ્યક્રમમાં ગોઠવો. (5)

1. મમ્મીને ઘરકામમાં ટેકો કરવો.
2. શાળાએ જવું.
3. ગૃહકાર્ય કરવું.
4. વર્ગકાર્યમાં ભાગ લેવો.
5. મિત્રો સાથે રમવા જવું.

પ્રશ્ન : અબ્દુલ કલામની જીવનયાત્રા ક્રમમાં ગોઠવો. **(HOTS)** (5)

1. વિજ્ઞાન અને શિક્ષણમાં તેમના યોગદાનને કારણે તે રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા.
2. રમકડાનું વિમાન જોઈ બાળક કલામે તેવું સાધન બનાવવાનો સંકલ્પ કર્યો.
3. ભારતના પરમાણુ ધડાકા અને રોકેટ ક્ષેત્રે તેમણે યોગદાન કર્યું.
4. ઇસરો જેવી ભારતની મહાન સંસ્થામાં નોકરીએ લાગ્યા.
5. તેમની બહેને ઘરેણાં વેચી તેમની કોલેજની ફી ભરી.

CG 1 વર્ણન, વિશ્લેષણ અને પ્રતિસાદ જેવા ભાષા કૌશલ્યનો ઉપયોગ કરીને અસરકારક પ્રત્યાયન માટેની ક્ષમતા વિકસાવે છે.

LO: G6.6 – શબ્દભંડોળ

**પ્રશ્નઃ- અર્થપૂર્ણ ફકરો બને તે રીતે કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.**

**(રૂપાળો, મહારાજા, મૂંગે મોઢે, મહાકવિ, મજાકમાં, ચૂપ,માઠું,તરસ્યા, ઉતાવળે,સોનાનો)** (10)

ઉનાળાનો સમય હતો. ............. વિક્રમનો દરબાર ભરાયો હતો. આ સભામાં ............. કાલિદાસ પણ હાજર હતા. કાલિદાસ ને જોઈને રાજાએ ............. કહ્યું "બીજા દરબારીઓની સરખામણીમાં તમે કદરૂપા છો" કાલિદાસે રાજા ની વાત સાંભળી ............. લીધી. તેમને ............. તો લાગ્યું પણ તે ............. રહ્યા. બીજા દિવસે જ્યારે દરબાર ભરાયો ત્યારે ત્યાં કાલિદાસે માટીના ઘડા ને બદલે ............. ઘડો મૂકી દીધો. રાજા ............. થયા ત્યારે પાસેના ઘડાનું પાણી ............. પી ગયા. પાણી ગરમ લાગતા રાજા બોલ્યા "કોણે ઘડો બદલ્યો ?" કાલિદાસે કહ્યું, "એ કદરૂપા ઘડાનું શું કામ મહારાજ! આપને તો આ ............. સોનાનો ઘડો જ શોભે."

**(શંકા, રક્ષણહાર, નિર્ણય, ખાતરી, સભાખંડ, ડરામણી, ભક્ષણ )** (7)

એકવાર બધા ઉંદરો ............માં ભેગા થયા. સભા ચાલુ થઈ. બધાને............ હતી કે એક દિવસ એવો આવશે કે બિલાડી બધા ઉંદરો મારી ખાશે. આ ........... વાત પર ખૂબ ચર્ચા થઈ. અંતે ............ લેવાયો કે બિલાડીના ગળે ઘંટ બાંધવો, જેથી એના આવવાની ખબર પડી જાય. સૌને............. થઈ કે સભાનો આ નિર્ણય સમગ્ર ઉંદરજાત માટે લાભદાયક છે. પણ એક મોટો પ્રશ્ન ઊભો થયો – બિલાડીના ગળે ઘંટ બાંધે કોણ ? ત્યારથી લઈને હજુ સુધી ઉંદરજાતને તેનો .................. નથી મળ્યો! તેથી હજુ પણ બિલાડીઓ ચૂપચાપ આવી તેઓનું .............. કરતી રહે છે.

(દુષ્ટ,પ્રેમથી, કોગળો, હદ, એકનાથ, પ્રાતઃ કાળે) (7)

એકનાથ રોજ ..................... ગોદાવરી નદીમાં સ્નાન કરવા જતા. નદીકિનારે એક ........... વ્યક્તિ રહેતી હતી. એક દિવસે એકનાથ સ્નાન કરીને પાછા ફર્યા ત્યારે આ વિકૃત વ્યક્તિએ તેમના પર ............... કર્યો. તેને ............ સ્મિત આપીને એકનાથ ફરી સ્નાન કરીને આવ્યા. એક દિવસે તો આ વ્યક્તિ એ ......... વટાવી દીધી.તે સંત પર કોગળા જ કરતો રહ્યો. આ રીતે તેણે ૧૦૬ વાર ............ પર કોગળા કર્યા.

**(મઘમઘે, રસોઈયાઓ, અત્તરનો, મહેલમાં, મહામૂલી, બાગબગીચાનો, ખુશબોદાર)** (6)

એક હતો રાજા. તે ............. ભારે શોખીન. તેના ...................... નગરમાં અને આખા રાજ્યમાં ....................... પાર નહિ. રાજધાનીમાં દરેક ચાર રસ્તે .......... પાણીના ફુવારા. રાજાના રસોઈઘરમાં પણ ............... એવી વાનગીઓ બનાવે કે મહેલ આખો .................. નવા પ્રકારની સુગંધ શોધનારને રાજા ............ સોના મહોરથી નવાજે.

પ્રશ્ન : ફકરા પરથી જવાબ આપો.

**<u>ફકરો 1</u>**

સૂર્યપ્રકાશ પૃથ્વી પર જીવનનો મુખ્ય સ્રોત છે. તેના કિરણોથી જ પ્રકાશસંશ્લેષણ થાય છે, જેના દ્વારા લીલી વનસ્પતિઓ પોતાનો ખોરાક બનાવે છે. આ પ્રક્રિયામાં વનસ્પતિઓ કાર્બન ડાયોક્સાઇડ વાયુનો ઉપયોગ કરે છે અને ઓક્સિજન વાયુ મુક્ત કરે છે, જે બધા સજીવોના શ્વસન માટે અત્યંત જરૂરી છે. સુર્યના પ્રકાશથી જ જળચક્ર પણ કાર્યરત રહે છે, જેના કારણે વરસાદ પડે છે અને પૃથ્વી પર પાણીની ઉપલબ્ધતા જળવાઈ રહે છે. આમ, સુર્યનું કિરણ એ માત્ર અંધકાર દૂર કરનાર જ નહીં, સમગ્ર જીવસૃષ્ટિનું પાલનપોષણ કરનારું તત્વ છે.

પ્રશ્નો :

1. આ ફકરામાં કઈ પ્રક્રિયાની વાત છે ? (1)
2. "જેના કારણે વરસાદ પડે છે અને પૃથ્વી પર પાણીની ઉપલબ્ધતા જળવાઈ રહે છે." – આમાં 'જેના' એટલે શાના ? (1)
3. શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો : (દરેકનો એક ગુણ)

   (a) શ્વાસ અને ઉચ્છવાસની પ્રક્રિયા :

   (b) પાણીમાંથી વરાળ, તેમાંથી વાદળ, તેમાંથી વરસાદ અને પાણી :

   (c) વનસ્પતિના પાંદડાઓમાં પ્રકાશનું શોષાવું અને વનસ્પતિનું ખોરાક બનાવવાની પ્રક્રિયા :

4. ઉદાહરણના આધારે આપેલા શબ્દો માટે બીજુ નવું વાક્ય બનાવો. (3)

   (a) **સ્રોત** : અમારા ઘરમાં ઘોંઘાટનો મુખ્ય **સ્રોત** મારો ભાઈ, જેને ધીમું બોલતા જ નથી આવડતું.

   (bb) **કાર્યરત** : મહેમાનોનાં સ્વાગત માટે સ્વાગત સમિતિ **કાર્યરત** થઇ ગઈ.

   (cc) **ઉપલબ્ધ**: ક્લાસમાં મસ્તી કરવા માટે હંમેશા કોઈ ને કોઈ નવો પ્લાન **ઉપલબ્ધ** હોય જ.

5. આ ફકરો ક્યાં વિષયનો હશે ? તમને ક્યાં શબ્દ વડે ખબર પડી ? (1) (HOTS)
6. પૃથ્વી પર જીવનનો મુખ્ય સ્રોત કયો છે ? કેમ ? (2) (HOTS)
7. જો જળચક્ર કાર્યરત ન રહે તો પૃથ્વી પર પાણીની ઉપલબ્ધતા અને જીવસૃષ્ટિ પર શું અસર થશે ? (HOTS) (1)

A. પાણીના ભૂગર્ભ જથ્થામાં વધારો થશે અને તેનું સ્તર વધશે.
B. સતત વરસાદ પડયા કરશે.
C. સમુદ્રમાં પાણીનું સ્તર ઘટશે.
D. નદીઓ અને સરોવર સુકાઈ જશે અને પાણીની અછત સર્જાશે.

**ફકરો 2**

આપણા શરીરનું બંધારણ અસંખ્ય નાના કોષોનું બનેલું છે. આ કોષો એકબીજા સાથે મળીને પેશીઓ, અંગો અને અંતે આખા શરીરનું નિર્માણ કરે છે. દરેક કોષમાં જુદા જુદા કાર્યો કરવા માટે વિશિષ્ટ ભાગો આવેલા હોય છે. કોષો સતત વિભાજન પામીને નવા કોષો બનાવે છે, જેથી શરીરનો વિકાસ થાય અને જૂના અથવા ક્ષતિગ્રસ્ત કોષોનું સમારકામ થાય. આ અદ્ભુત રચના અને કાર્યપ્રણાલી આપણને જીવનની ગૂઢતા અને વ્યવસ્થાનું દર્શન કરાવે છે, જ્યાં પ્રત્યેક નાનો ઘટક મોટા તંત્રનો અભિન્ન અંગ બનીને કાર્ય કરે છે.

પ્રશ્નો:

1. કોષો એકબીજા સાથે મળીને શાનું નિર્માણ કરે છે ? (1)
2. કોષો પોતાનું સતત વિભાજન શા માટે કરે છે ? (1)
3. નાનાથી મોટાના (ચઢતા) ક્રમમાં ગોઠવો : શરીર, કોષ, અંગ, પેશી (HOTS) (1)
4. શબ્દનો ઉપયોગ કરી બીજુ નવું વાક્ય બનાવો :
   a. **બંધારણ** – આમારી ટીમનું **બંધારણ** છે કે બધાએ શે જતા પહેલાં એકબીજાની રાહ જોવી અને સાથે જવું.
   b. **નિર્માણ** – મેં આજે કાગળના એવા વિમાનનું **નિર્માણ** કર્યું છે જે રાઉન્ડ મારીને પાછું મારા જ હાથમાં આવે છે.
   c. **વિભાજન** – ટીચરે ચોકલેટ નું **વિભાજન** કર્યું ત્યારે ખબર પડી કે ગણિતનો પીરીયડ પણ કેટલો મીઠો હોઈ શકે છે.
   d. **વિશિષ્ટ** – રોનક **વિશિષ્ટ** કલાકાર છે – તેના ચિત્રોમાં કાગડા ધોળા ને હંસ કાળા હોય છે.

**ફકરો 3**

પૃથ્વીની ઉપર આકાશ છે અને આ આકાશની પાર અવકાશ આવેલું છે. અવકાશમાં સૂર્ય, ચંદ્ર, તારા અને અસંખ્ય ગ્રહો આવેલા છે. આપણી પૃથ્વી પણ એક ગ્રહ છે જે સૂર્યની આસપાસ ફરે છે. સૂર્ય એક મોટો તારો છે જે આપણને પ્રકાશ અને ગરમી આપે છે. અવકાશમાં ઘણાં મોટા પિંડો છે જેને આકાશગંગા કહેવાય છે. આપણી પૃથ્વી જે આકાશગંગામાં છે તેને આપણે 'દૂધ ગંગા' તરીકે ઓળખીએ છીએ. વૈજ્ઞાનિકો અવકાશયાન દ્વારા અવકાશમાં જાય છે અને ત્યાંની જાણકારી મેળવે છે. તેઓ દૂરબીનનો ઉપયોગ કરીને ગ્રહો અને તારાઓનો અભ્યાસ કરે છે. અવકાશ ખૂબ વિશાળ અને રહસ્યમય છે, અને તેમાં હજી પણ ઘણું બધુ એવું છે જે આપણે જાણતા નથી.

પ્રશ્નો :

1. કદ મુજબ ચઢતા ક્રમમાં ગોઠવો : અવકાશ, આકાશગંગા, સૂર્ય, પૃથ્વી, ચંદ્ર **(HOTS)** (1)
2. શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો : (3)
   a. જેમાં ચંદ્ર, પૃથ્વી, અને સૂર્યમંડળ આવેલું છે તે અવકાશી પિંડ :
   b. ખુબ દુરનું જોવા માટેનું સાધન :
   c. પૃથ્વીને પ્રક્ષ અને ગરમી આપતો તારો :
3. આપેલા શબ્દોનો ઉપયોગ કરી બીજા નવા વાક્ય બનાવો : (3)
   a. **આસપાસ** : રક્ષાબંધનની **આસપાસ** કયો તહેવાર હોય છે?
   b. **રહસ્યમય** : દાદીની થેલી ભારે **રહસ્યમય** હોય છે, ક્યારેય ખબર નથી પડતી કે તેમાંથી ચોકલેટ નીકળશે કે શાક !
   c. **પિંડ** : મેં આજે એક એવો **પિંડ** ખાધો, જે લાગતું હતું બટાકાવડું પણ હતું કંઈક બીજું જ.

**ફકરો 4**

ચાલુ વર્ષે અનિયમિત વરસાદ અને તાપમાનમાં અસામાન્ય વધારાને કારણે ભૂગર્ભ જળ સ્તરોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આ બે મુખ્ય કારણો ને લીધે, જળાશયો અને નદીઓમાં પાણીનો સંગ્રહ અપૂરતો રહ્યો છે. પાણીના આ અપૂરતા સંગ્રહના પરિણામસ્વરૂપ, ખેડૂતોને પાક સિંચાઈ માટે પૂરતું પાણી મળતું નથી, જેના કારણે ખેતીના ઉત્પાદનમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. એટલું જ નહીં, શહેરી વિસ્તારોમાં પણ પાણીનો પુરવઠો કાપવામાં આવ્યો છે, જેણે દૈનિક જીવનને વધુ મુશ્કેલ બનાવ્યું છે. આ પાણીની અછતનો સીધો પ્રભાવ પશુધનના સ્વાસ્થ્ય પર પણ પડયો છે, કારણ કે તેમને પૂરતું પાણી અને ચારો મળતો નથી. આ સમગ્ર પરિસ્થિતિ દર્શાવે છે કે પર્યાવરણીય ફેરફારો અને કુદરતી

સંસાધનોના અયોગ્ય વ્યવસ્થાપનના કારણે કેવી રીતે વ્યાપક સામાજિક અને આર્થિક મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે.

પ્રશ્નો :

1. શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો. (3)
    a. જમીનનું પેટાળ :
    b. ગરમી અને ઠંડીનું માપન :
    c. સમાજને લગતી બાબત :

2. ઉદાહરણ મુજબ આપેલા શબ્દો માટે બીજુ  નવું વાક્ય બનાવો. (5)
    a. સ્તર : મારા ભણતરનું સ્તર ધીમે ધીમે નીચે જઈ રહ્યું છે.
    b. પ્રભાવ : સારા મિત્રોનો સારો પ્રભાવ પડે.
    c. આર્થિક : આમારા ઘરની આર્થિક બાબતોનો હિસાબ મમ્મી રાખે છે.
    d. પુરવઠો : જયારે મધ્યાહ્ન ભોજનમાં ચણા ચાત હોય ત્યારે અમે તેનો પુરવઠો ખૂટી જાય એટલું ઝાપટી જઈએ.
    e. ઉત્પાદન : અમારા કિચન ગાર્ડનમાં આ વખતે કોબીજનું ઉત્પાદન થયું.

CG 1 વર્ણન, વિશ્લેષણ અને પ્રતિસાદ જેવા ભાષા કૌશલ્યનો ઉપયોગ કરીને અસરકારક પ્રત્યાયન માટેની ક્ષમતા વિકસાવે છે.

LO G6.3.7 : સામગ્રી વિષયક આગાહી કરે અને સર્જનાત્મક ચિંતન કરે

## નિબંધ પ્રકારના પ્રશ્નો

પ્રશ્ન : પાંચ વાક્યમાં જવાબ આપો . **(HOTS)** (પ્રશ્ન દીઠ 5)

1. તમારી શાળા જો તમારું શરીર હોય જેમાં વિદ્યાર્થીઓ શાળાનું હૃદય છે તો શાળાનું મગજ, હાથ, પગ, આંખ, કાન કોણ કોણ હોઈ શકે ? તમને એવું શા માટે લાગે છે ? જણાવો.
2. તમારી શાળા જો કમ્પ્યુટર હોય જેમાં વિદ્યાર્થીઓ શાળાનું મોનીટર છે તો શાળાનું સી.પી.યુ., માઉસ, કી-બોર્ડ, સોફ્ટવેર કોણ કોણ હોઈ શકે ? તમને એવું શા માટે લાગે છે ? જણાવો.
3. તમારું ઘર જો વૃક્ષ હોય જેમાં તમે ઘરનું ફળ છો તો ઘરનું મૂળ, ડાળી, પાંદડું, છાંયડો કોણ કોણ હોઈ શકે ? તમને એવું શા માટે લાગે છે ? જણાવો.
4. તમારું શરીર જો મંદિર હોય જેમાં તમે મંદિરના પૂજારી છો તો મંદિરનો દીવડો, અગરબત્તી, ઘંટ, મૂર્તિ અને પ્રસાદ કોણ કોણ હોઈ શકે? તમને એવું શા માટે લાગે છે ? જણાવો.
5. તમારા પરિવારના સભ્યો જો સ્વાદ હોય જેમાં તમે ગળ્યો સ્વાદ છો તો ખારો, તીખો, મોળો, કડવો અને ખાટો સ્વાદ કોણ હોઇ શકે ? તમને એવું શા માટે લાગે છે ? જણાવો.

**પ્રશ્ન : નિબંધ લખો.** **(પ્રશ્ન દીઠ - 8)**

1. ઉનાળા વેકેશનમાં મારી દિનચર્યા
2. ચોમાસામાં મારી આસપાસ થતા ફેરફાર ( દિનચર્યા, રસ્તા, પ્રકૃતિ..)

**પ્રશ્ન : આઠથી દસ વાક્યમાં જવાબ લખો.** **(પ્રશ્ન દીઠ - 8)**

1. મારુ પ્રિય ફળ (રંગ, ગંધ, સ્વાદ, કદ, આકાર, ઋતુ)
2. મને ગમતી પ્રવૃત્તિ ( પ્રવૃત્તિનું વર્ણન, ગમવાનાં કારણ, સમય, તેના વિશે વડીલોના મંતવ્ય, અન્ય )

**પ્રશ્ન : વાર્તા આગળ વધારો. રોનક અને ટીનાને ખજાના સાથે ઘરે પહોંચાડો. (5)**

રોનક અને ટીના રજાઓમાં મામાની વાડીએ ગયા હતા. વાડીમાં રમતાં રમતાં તે ખૂબ આગળ નીકળી ગયાં અને એક જંગલમાં પહોંચી ગયાં. ઘરે પહોંચવા તેમણે ઈન્ટરનેટ પર નકશો ખોલ્યો. ઘરનો રસ્તો બતાવવાને બદલે નકશો કોઈ ગુપ્ત ખજાનો ચીંધતો હતો, જે એક વિશાળ વડલા નીચે છુપાયેલો હતો. બંનેએ ખજાનો શોધવાનું નક્કી કર્યું ..........

.....આગળ બીજાં ઓછામાં ઓછાં પાંચ- છ વાક્યો ઉમેરી વાર્તા આગળ વધારો. રોનક અને ટીનાને ખજાના સાથે ઘરે પહોંચાડો.

CG 1 વર્ણન, વિશ્લેષણ અને પ્રતિસાદ જેવા ભાષા કૌશલ્યનો ઉપયોગ કરીને અસરકારક પ્રત્યાયન માટેની ક્ષમતા વિકસાવે છે.

LO G6.5.6 : વ્યક્તિવાચક, સમૂહવાચક, જાતિવાચક, દ્રવ્યવાચક અને ભાવવાચક નામ ઓળખાવે અને માગ્યા પ્રમાણે ઉપયોગ કરે છે.

## અતિ ટૂંકજવાબી પ્રશ્નો

1. પેરેગ્રાફમાં વપરાયેલા વિવિધ શબ્દો પૈકી વ્યક્તિવાચક, દ્રવ્યવાચક અને ભાવવાચક સંજ્ઞાઓ ઓળખો. (૧)

<u>ટીના</u> વેકેશનમાં પપ્પાના વતનના ગામ <u>વરધરી</u> ગઈ. ત્યાં <u>ગૌરી</u> ગાયનું તાજું જ કાઢેલું <u>દૂધ</u> પીવાનું મળતાં તેને <u>મજા</u> પડી ગઈ. પાડોશી <u>રમેશભાઈ</u> સાથે તે તેમને ખેતરે ગઈ. ખેતરમાં <u>ઘઉ</u> લહેરાઈ રહ્યાં હતા. રમેશભાઈ કહે, " આ અમારું <u>સોનું</u> છે. " તે ખેતરમાં <u>પાણી</u> અને <u>ખાતર</u> વૈજ્ઞાનિક રીતે આપે તે જોઈને ટીનાને <u>નવાઈ</u> લાગી. ગામના અવનવા અનુભવો લેવાનો તેને <u>આનંદ</u> આવ્યો.

| વ્યક્તિવાચક | દ્રવ્યવાચક | ભાવવાચક |
|---|---|---|
| ટીના | દૂધ | મજા |
| | | |

2. પેરેગ્રાફમાં વપરાયેલા વિવિધ શબ્દો પૈકી વ્યક્તિવાચક, જાતિવાચક અને ભાવવાચક સંજ્ઞાઓ ઓળખો.

આજે મમ્મી <u>રોહન</u>ને <u>બજાર</u>માં સાથે લઈ ગયાં. બજારમાં વસ્તુઓનું વૈવિધ્ય જોઈ રોહનને ખૂબ <u>આશ્ચર્ય</u> થયું, કાપડની એક <u>દુકાન</u>નું નામ 'રોહન વસ્ત્ર ભંડાર' વાંચીને રોહનને <u>રોમાંચ</u> થયો. તેઓ શાકભાજીની દુકાને ગયા. ત્યાંથી તેમણે <u>ટામેટાં</u> અને <u>ભીંડા</u> લીધા. <u>મેથી</u>ની તાજી <u>ભાજી</u> જોઈ મમ્મી રોહનને <u>વ્હાલ</u>થી પૂછ્યું, "થેપલા ખાવા છે? તો લઉં?" રોહને કહ્યું, "ભજીયાં?" <u>મમ્મી</u> હસીને ભાજી લઈ લીધી. રોહને કહ્યું, "<u>દહીં</u> પણ."

| વ્યક્તિવાચક | જાતિવાચક | ભાવવાચક |
|---|---|---|
| રોહન | ટામેટાં | આશ્ચર્ય |
| | | |

૩. પેરેગ્રાફમાં વપરાયેલા વિવિધ પાડો પૈકી વ્યક્તિવાચક, દ્રવ્યવાચક, જાતિવાચક, સમૂહવાચક અને ભાવવાચક સંજ્ઞાઓ ઓળખો

(10)

**વિનોદ** અને પ્રીતિ તેમની **શાળા**નાં **વિદ્યાર્થી**ઓ સાથે અમદાવાદ ખાતે આવેલ **ગાંધીઆશ્રમ**ની મુલાકાતે ગયા હતા. વિદ્યાર્થીઓના પાંચ **જૂથ** પાડવામાં આવ્યા હતા. ગાંધી આશ્રમના માર્ગદર્શકે મહાત્મા ગાંધીની **સાદગી**, સત્યનિષ્ઠા અને **અહિંસા**ના સિદ્ધાંતો વિશે રસપ્રદ માહિતી આપી. આશ્રમમાં ફરતા ફરતા પ્રીતિને ખૂબ જ સરસ અને ભૂખ લાગી. આશ્રમના એક ભાગમાં બેસીને બધાએ **દૂધ** અને **બટાકાપૌંઆ**નો નાસ્તો કર્યો. સાંજનો સમય થઈ ગયો હતો. સૌએ જોયું કે પક્ષીઓના **ઝુંડ** મોજથી આકાશમાં આમતેમ ઉડી રહ્યા છે.

| વ્યક્તિવાચક | જાતિવાચક | સમૂહવાચક | દ્રવ્યવાચક | ભાવવાચક |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |